સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

રાહત નામે પ્રજાના પૈસા વ્હેંચાઈ જાય છે,
મગફળી નામે ધૂળ-ઢેફાં વેંચાઈ જાય છે.
રચાઈ જાય ઘંટીચોર ભાઈઓની મંડળી -
કાર્યકર નામે કૌભાંડીઓ પોષાઈ જાય છે...
(છગન-મગનનો વીડિયો વાયરલ)

હાઈકુ

પ્હોંચે 'તાર'
'ઉપરવાળા' સુધી -
મિલી ભગતે...
(ખાઈસ નહી - ખાવા દઈસ)

મળ્યો છે ટકો
ફળ્યો છે ફળદ્રુને -
ટેકાનો ભાવ...
(ફળદ્રુપ 'ખાતુ')

ચિંતન

જબ જાગે તબ રામ જપ, સોવત રામ સંભાર,
ઉઠત બૈઠત આતમા ! ચાલત રામ ચિતાર ।

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે અણીને સમયે કે સંકટને સમયે જ પ્રભુને યાદ કરવાથી શું વળશે ? માટે 'હે માનવી ! તું રામરૂપ છે અને તારા આત્મામાં જ રામ વસે છે એમ જ સમય અને સવારે ઊઠતાં અને રાત્રે સૂતા વખતે એ અણમોલ સ્મરણની યાદ તાજી કર!' પ્રભુની સહાય તને સદાય અને સર્વકાળે મળતી રહે એવી તારી ઈચ્છા હોય તો રામનામરૂપી મંત્રને સતત ધ્યાનમાં રાખજે કે જેથી તારું મન અને વચન ઉત્તમોત્તમ કામમાં અને વિચારમાં વ્યસ્ત રહે અને તો એમ જ સમજ જે કે પ્રભુ તારી સાથે જ છે.

ઉઠતાં - બેસતાં, દરેક ક્ષણે 'રામ'નું સ્મરણ હૈયે - હોઠે રહે તો જ આચરણમાં પણ રામમયના આવે છે. અને તો જ અંતિમ ક્ષણે 'રામ' આવે છે.

સુવિચાર

- જેમ કાયા અલંકાર વગર શોભે નહિં તેમ તપ વિના સંયમ શોભે નહિ - **એસ. ભટ્ટાચાર્ય**
- દુર્ગતિમાં પડનાર જીવોને પડવા ન દે એન સુગતિમાં પહોંચાડે એ ધર્મ જ 'રત્ન' ગણાય - **વિચારદીપ**
- જળમાં તેલ, શઠ પુરુષમાં છાની વાત, સુપાત્રમાં થોડું પણ દાન, ડાહ્યા પુરુષમાં વિદ્યા અને સત્પુરુષ સાથે પ્રતિ. એ અલ્પ હોય તો પણ અનેક પ્રકારે વિસ્તાર પામે છે - **યોગસૂત્ર**
- શીલ એ નિર્ધનનું ધન છે, અલંકાર રહિતનું એ આભૂષણ છે - **ભીખુદાન ગઢવી**
- યમને કોઈ પ્રિય નથી, લક્ષ્મીને કોઈ વહાલો નથી, વૃદ્ધાવસ્થાએ કોઈને છોડેલ નથી, છતાં હું નિશ્ચિંત થઈને બેઠો છું, કારણ કે ધર્મને હું વળગી રહ્યો છું - **ધર્મસૂત્ર**
- માનવી એટલો જ મહાન બનશે, જેટલો એ પોતાના આત્મામાં સત્ય, ત્યાગ, દયા, પ્રેમ અને શક્તિનો વિકાસ કરશે - **સ્વેટ મોર્ડન**
- આજનું ઔષધ : તીવરના પાનનો ઉકાળો લૂના તાવ તથા એકાંતરે આવતા તાવ ઉપર અસરકારક છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જીવનમાં શ્રદ્ધા બહુ મોટી વસ્તુ છે. શ્રદ્ધા વિના કંઈ પણ પ્રાપ્ત કરવું અશક્ય છે. નારદ મુનિ એકવાર પૃથ્વીલોકથી વૈકુંઠ જઈ રહ્યા હતા. તેમને એક તપ કરતા તપસ્વી રસ્તામાં મળ્યા તપસ્વીએ પૂછ્યું, 'મુનિવર આપ વૈકુંઠમાં જાવ તો ભગવાન ને આટલું પૂછશો કે તેઓ મને દર્શન કયારે આપશે ?' નારદમુનિએ કહ્યું, 'જરૂર પૂછીશ.' નારદમુનિ આગળ ગયા ત્યાં એક ભક્ત ભગવાનના ભજનમાં મસ્ત હતો. નારદમુનિ એ ભક્તને પૂછ્યું, 'હું ભગવાનને મળવા જઈ રહ્યો છું. તમારે કંઈ પૂછવું છે ?' ભક્તે કહ્યું, 'હા મનુનિવર, ભગવાનને એટલું પૂછજો કે તેઓ મને કયારે દર્શન આપશે ?' થોડા વખતમાં નાદરમુનિ વૈકુંઠમાંથી પૃથ્વી પર પાછા આવ્યા ત્યારે એમની રાહ જોઈને બેઠેલા તપસ્વીએ પૂછ્યું, 'મુનિવર, ભગવાને મને દર્શન આપવા અંગે શું કહ્યું ?' નારદમુનિએ કહ્યું, 'ચાર જન્મ બાદ તમને ભગવાન દર્શન આપશે.' તપસ્વી નિરાશ થતા બોલ્યા. 'ઓ હો... ચાર જન્મ !!' આટલી તપસ્યા કર્યા બાદ પ્રભુ મને દર્શન આપવા હજી ચાર જન્મ લગાડશે ? ભગવાન ખરેખર નિર્દયી છે.' ત્યારબાદ નારદમુનિ બીજા ભક્ત પાસે ગયા અને કહ્યું 'ભગત, ભગવાનએ કહ્યું કે પેલા સામે રહેલા ઝાડ પર જેટલા પાંદડા છે તેટલા જન્મો પછી તમને પ્રભુ દર્શન આપશે.' ભગત તો આ સાંભળી એકદમ આનંદિત થઈ નાચવા લાગ્યો અને બોલ્યો, 'પ્રભુ તમે કેટલા દયાવાન છો કે તમે મને દર્શન આપશો...' ભક્તની આવી શ્રદ્ધા જોઈ પ્રભુએ એના બધા જન્મો ઓછા કરી જીવનચક્રમાંથી મુક્તિ આપી.

સુપ્રીમની ચિંતા વ્યાજબી છે

તંત્રીસ્થાનેથી...

બિહારના મુઝફ્ફરપુર કાંડ પછી ઉત્તરપ્રદેશના દેવરિયા શેલ્ટર હોમમાં થતાં યૌન શોષણની ઘટના બહાર આવી છે. સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી નીકળતાં અદાલતનો જે પુણ્યપ્રકોપ ભભૂક્યો તે એક રીતે આવકારદાયક બાબત છે, પરંતુ જરા ઊંડા ઊતરીને જોઈશું તો તે મુદ્દે સરકાર જેવી સરકાર પણ લાચાર સ્થિતિમાં છે. સરકાર આવા શેલ્ટર હોમ ચલાવવા પુષ્કળ ફંડ ખર્ચે છે, પરંત પછી ત્યાં શું કાળાંધોળાં ચાલે છે એની ચિંતા કરતી નથી એ મુદ્દે સુપ્રીમ કોર્ટ અત્યંત વ્યગ્ર થઈ છે. શેલ્ટર હોમનો આખેઆખો કન્સેપ્ટ જ બદલાઈ ગયો હોય એમ એ બળાત્કાર ગૃહો બની ગયા છે. બિહારમાં જે કંઈ બન્યું છે તે આખા દેશની શરમ છે તો ઉત્તરપ્રદેશમાં દેવરિયા શેલ્ટર હોમમાંથી ભાગી છૂટેલી યુવતીઓએ જે ઘૃણાસ્પદ આક્ષેપો કર્યા છે એ ખુદ પોલીસની ગાડીઓમાં આવી લાચાર યુવતીઓની હેરાફેરી થતી હોવાની ફરિયાદ કરી છે તે જોતાં આ સવાલ કોઈ એકાદ બે મહિલા સંરક્ષણ ગૃહો પૂરતો મર્યાદિત ન રહેતાં સર્વવ્યાપી હોવાની છાપ ઊભી થાય છે. સુપ્રીમ કોર્ટે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલને ટાંકીને કહ્યું છે કે દર છ કલાકમાં એક યુવતી પર રેપની ઘટના બનતી રહે છે. વર્ષે દહાડે દેશભરમાં ૩૮,૦૦૦થી વધારે દુષ્કર્મ કાંડ થતા રહે છે. મધ્યપ્રદેશમાં સૌથી વધુ બળાત્કારો થાય છે. ઉત્તરપ્રદેશ બીજા નંબરે આવે છે. આમ દરેક રાજયમાં નારી સંરક્ષણ ગૃહો વધતા ઓછા પ્રમાણમાં અસુરક્ષિત છે. નીતીશકુમાર આવા કિસ્સાની યોગ્ય અને ઝડપી તપાસને બદલે એને વિપક્ષો દ્વારા લગાવાઈ રહેલો રાજકીય આક્ષેપ માને છે તે ખૂબ જ શોચનીય બાબત છે. દેવરિયા કાંડ પછી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ડીએમની બદલી કરીને ઝડપી તપાસ શરૂ કરી છે. સરકાર આવા યૌન અપરાધો કેવી રીતે રોકી શકશે તે પ્રશ્ન છે. સુપ્રીમ કોર્ટને ખુસ રાખવા માટે અને પ્રજા સમક્ષ નિર્દોષ ઠરવાના રાજકીય હેતુસર રાજયોના મુખ્યમંત્રીથી લઈ નાનામાં નાના કર્મચારીને આવી ઘટનાએ વિચલિત કરેલ હોવાનો એકરાર પણ થાય છે. પરંતુ નક્કર કાર્યવાહી શી થઈ, તે કહેવાની કોઈની તૈયારી નથી. સુપ્રીમ કોર્ટ રાજય સરકારોને ઉગ્ર ભાષામાં ઠપકો તો આપી શકે છે, પરંતુ યૌન શૌષણ અટકાવવા કેવાં પગલાં ભરવાં પડે, તેનો કોઈ ચોક્કસ રોડમેપ કોઈની પાસે નથી. વાસના એ પ્રાણી સહજ નિર્બળતા છે. એને કોર્ટના કાયદા થોડા રોકી શકે ? આવા યૌન અપરાધો માત્ર અને માત્ર સામાજિક જાગૃતિથી જ રોકી શકાય. કડક કાયદા કરીને એનો એટલો જ કડક અમલ કરવાથી પણ ફેર પડી શકે. પરંતુ આપણા દેશમાં યૌન અપરાધો પ્રત્યે કોઈ જ પૂરતી પ્રામાણિકતા કે ગંભીરતા દાખવતું હોય એવું ભાગ્યે જ જોવા મળશે. સ્ત્રીને ભોગ્યા ગણવાની પરંપરાગત વૃત્તિને ધર્મગ્રંથોએ પણ આડકતરી માન્યતા જ આપેલી છે - પછી તે મહાભારત જેવું મહાકાવ્ય હોય કે કુરાન જેવો ધર્મગ્રંથ. ત્યારે સુસંસ્કૃત માનવીએ સ્ત્રી સન્માનની નવતર વ્યાખ્યા સમજવી પડશે અને દુષ્કર્મ તથા સ્વૈચ્છિક વ્યભિચાર વચ્ચેનો તફાવત પણ સમજવો પડશે.

ખુદને ખરાબ કહેવાની હિંમત નથી, તેથી તો સૌ કહે છે 'જમાનો ખરાબ છે'

લાગણીનો મેળો

રસિક વાળંદ

જે છજા નીચે પલળતા હોય છે.
એ કબૂતરમાં સરળતા હોય છે.
- નયન દેસાઈ

મારી જીવનયાત્રામાં સમયાંતરે સાંપડેલા કેટલાક સાથીઓનું પાવન સ્મરણ આનંદથી ભીંજવી જાય છે. રણમાં મીઠી વીરડી જેવાં આ સુહૃદય ચરિત્રોની યાદ જીવવાનું નવું જોમ બક્ષે છે! પૂર્ણ મનુષ્યત્વની ગરીમાને સમજી ચૂકેલા આ સજ્જનો સાચે જ માનવજીવનનો મર્મ પામી ચૂક્યા હતા. મુઠી ઊંચેરા આ માનવીઓમાં મને પ્રબળ આત્મનિષ્ઠા ઝબકતી જોવા મળી છે. આજના વિસ્તરતા જતા ફાયદાવાદે પ્રત્યેકના પર્યાય બદલાવી નાખ્યા છે. અરે, વ્યક્તિનું મૂલ્ય પણ ઉપયોગીતા સાથે જોડાઈ ગયું! કામમાં આવે એની જ કિંમત... આપણે સૌ વાતવાતમાં કહીએ છીએ 'સંબંધ જાળવવો પડે' દોસ્તો, જાળવવો પડે એને તે સંબંધ કહેવાય ખરો?! આજના સંદર્ભે મારી દૃષ્ટિએ સંબંધની ટૂંકી વ્યાખ્યા એટલે 'ઘસારો.' નિરપેક્ષ નિરાકાંક્ષ સંબંધોની તો કલ્પના જ કરવી રહી! આવા શૂન્યાવકાશમાં માનાવ્યને ખીલવવા પૂ.પાંડુરંગ શાસ્ત્રીજીએ આદરેલા અપવાદરૂપ પ્રશસ્ય પ્રયાસો ધ્યાનાર્હ છે.

ખેર, આવા વાસ્તવમાં આત્મનિષ્ઠાભર્યા નખશિખ પ્રામાણિક વ્યક્તિઓનું સાનિધ્ય સાંપડવું એ મારા માટે તો ધન્ય ઘટના જ છે. હું એને મારું સદ્‌ભાગ્ય જ ગણું છું! આવા સુભગ સુહૃદોનું સ્મરણ જ આજે મને અહી લખવા પ્રેરી રહ્યું છે...

વિચારું છું કે નીતિશાસ્ત્રને આપણે બીજાની સાથેના વ્યવહારોની બાબતમાં સૂક્ષ્મ બનાવી મૂક્યું છે પણ વ્યક્તિની આત્મનિષ્ઠાની રીતે વિચાર જ નથી કર્યો. કવિ તેથી જ લખે છે,

'ખુદને ખરાબ કહેવાની હિંમત નથી,
તેથી તો સૌ કહે છે 'જમાનો ખરાબ છે.'

મિત્રો આત્મનિષ્ઠાનો અભાવ અર્થાત જાત પ્રત્યેની અપ્રામાણિકતા ભારે નુકસાનકારક સાબિત થઈ શકે છે. એની આપણને ખબર જ પડતી નથી. સામા માણસ પ્રત્યે અપ્રામાણિકતા દાખવીને કદાચ કશોક - ભલે ક્ષણિક - પણ - લાભ થાય પણ પોતાની જાતને છેતરીને કોઈ વ્યક્તિ કશા કાંદા કાઢી શકતો નથી. દોસ્તો, એક વાત હંમેશ માટે નોંધી રાખજો જાત છેતરામણી કોઈનેય કદી સુખ આપી શકાતી નથી. જાત સાથેની અપ્રામાણિકતા તો લાગણીતંત્ર અને મનની ગરબડો જ પેદા કરે છે એમ માનસશાસ્ત્ર કહે છે. માણસના અંગત પ્રશ્નોના મૂળમાં મનની આવી જ ગરબડ કારણભૂત હોય છે. જરા, સ્વ-સ્થ, શાંતચિત્તે વિચારીએ તો તેનાં અનેક રહસ્યો ખૂલશે. (જરા પ્રયોગ કરી જોવા જેવો છે.)

દોસ્તો, કેટલીક સમર્થ - કઈક વિશેષ કરી શકે એવી તમામ શકયતાઓ ધરાવનારી વ્યક્તિઓ નિવૃત્ત પણ થઈ ગઈ છતાં કશું જ ન ઉકાળી શકી - કાળની ગર્તામાં દટાઈ મરી - જગત એમના લાભથી બિલકૂલ વંચિત રહી ગયું - મારી દૃષ્ટિએ આવું થવા પાછળ વ્યક્તિ પોતાની ક્ષમતાઓ અને મર્યાદાઓને બરાબર ઓળખી ન શક્યો હોય એવું બને ખરું. જે માણસ પોતાની જાતનું સમતોલ પૃથક્કરણ કરી ન શકે એ પોતાની જાતને અને જગતને પણ અન્યાય કરે છે.

આપણી આસપાસ લગ્નવિચ્છેદ કે મૈત્રી સંબંધો તૂટી જવાના અનેક દાખલાઓ મોજુદ છે સાવ નજીવું કારણ લગ્નવિચ્છેદનું કારણ બને. કે ચોવીસ કલાકમાં એક વખત જો ન મળ્યા હોય તો ચેન ન પડે એવા ગાઢ દોસ્તો વચ્ચે તિરાડ પડે ને બોલવાનાય સંબંધ ન રહે - આવી કમનસીબ દુર્ઘટનાઓ જોઈ - જાણી છે! સાક્ષીભાવે આવું બધું નિહાળી એટલું વિચારું છું કે માણસ પોતાના મિત્રોને જેટલી સ્પષ્ટ ને સચોટ નજરે જુએ - મૂલવે એ જ રીતે જો પોતાની જાતને જોવાનું શીખ્યો હોત તો આવા અકલ્પ્ય સંજોગો કદીયે ન સર્જાય... મોટેભાગે તો કવિએ કહ્યું છે એવું જ વ્યવહારમાં યથાર્થ જોવા મળે છે...

''મહેફિલની ત્યારે સાચી શરૂઆત થઈ હશે.
મારા ગયા પછી મારી જ વાત થઈ હશે.''

મેં જોયું છે કે માણસ પોતાના મિત્રની પીઠ પાછળ દુશ્મન પણ ન બોલે એવું ઘણીવાર બોલતો હોય છે...આવું કદાચ કાને પડે ત્યારે મનોમન સ્વગત જાતને કહેતો હોઉં છું, 'આટલો જ કડક જો માણસ પોતાની જાત પ્રત્યે થાય તો?'

એક ઘટના યાદ આવે છે, ''એક જુગારી દિવસભર તનતોડ મહેનત કરે ને બધી જ કમાણી રાત્રે જુગારમાં હોમી દે. વર્ષોનો આ નિત્યક્રમ પરંતુ એકવાર જુગારમાં સારી એવી રકમ જીતી ગયો. અહી આશ્ચર્યની વાત તો એ છે કે જીતેલી બધી જ રકમ ધર્માદામાં આપી દીધી ને હંમેશને માટે જુગારને રામરામ કરી દીધા...પોતાના દુર્ગુણ દેખાય ને તેનો સ્વીકાર કરવાની હિંમત દાખવીએ તો બધા જ રસ્તા સરળ થઈ જાય છે.

આપણા મહાત્મા ગાંધીએ પોતાના એક નિર્ણયને 'હિમાલય જેવડી ભૂલ' તરીકે ઓળખાવીને પાછો ખેંચેલો. ત્યારે એક વિદશી પત્રકારે એમને પૂછ્યું, 'કોઈનેય ખબર નહોતી કે તમે ભૂલ કરી છે.' ત્યારે ગાંધીએ કહ્યું, 'મને તો ખબર હતી ને?' પત્રકારે વળતો સવાલ કર્યો,

અનુસંધાન પાના નં ૭ પર

અલપ ઝલપ બે આંખે જોયું, શું જોયું 'લ્યા?

મનના ઉમંગો

રણછોડ પરમાર

ભાગ-૨

(૩) બીજા દિવસની વાત છે. હજુ અમે ટ્રેનમાં જ હતાં. બપોરે બોજન લીધા પછી ઘેરથી લાવેલું મોટા ભાગનું પાણી પીવાઈ ગયું હતું. ત્યાં એક પ્લેટફોર્મ વગરના સ્ટેશને ગાડી રોકાઈ. રાજુભાઈ કહે,'' હું પાણી ભરી લાવું.'' મેં કહ્યું,'' અરે ભાઈ, આપણે આ પાણી ના પીવું જોઈએ. બોટલ આવશે ત્યારે લઈ લઈશું.'' પણ રાજુભાઈ તો બે બાટલા હાથમાં પકડીને ઉપડ્યા. હું તો મારી જગાએ બેસી રહ્યો. થોડીવાર થઈ એટલે મને થયું મારે દરવાજા પાસે જવું જોઈએ. બે બાટલા હાથમાં પકડીને રાજુભાઈ ઉપર ટ્રેનનાં પગથિયાં નહીં ચડી શકે. હું દરવાજે જઈ ઊભો રહ્યો. ત્યાં રાજુભાઈ આવ્યા. બોલ્યા,'' અરે યાર ! હું તો લપસી પડ્યો '' મે પૂછ્યું,'' કેવી રીતે? '' એમણે કહ્યું, ''અહીથી ઉતરતી વખતે. મને ધ્યાન ના રહ્યું કે પ્લેટ ફોર્મ નથી. જેવો હું પગથિયું સમજી પગ મૂકવા ગયો. ગબડી પડ્યો. '' મે પૂછ્યું, ''વાગ્યું નથી ને? '' એ કહે '' વાગ્યું તો છે.'' પછી તો ભાઈ ખબર પૂછવાવાળાની લાઈન લાગી.પેલી બાજુ મધુમામા પણ લપસી પડ્યા હતા અને એમને તો ખાસ્સુ વાગ્યું હોય તેવું પહેલી નજરે જ દેખાતું હતું. રાજુભાઈનેય ધાર્યા કરતા વધારે વાગ્યું હતું. જેમ જેમ સમય જવા માંડ્યો તેમ તેમ દુખાવો વધવા લાગ્યો. તેમને ચિંતા થવા માંડી કે ફેક્ચર તો નહીં થયું હોય ને ? એમણે તો ગાંધીનગર એમના પુત્ર મૌલિકને ફોનથી બધી વિગત જણાવી .મૌલિકે તો અલ્હાબાદમાં એક ડોક્ટર મિત્ર સાથે એપોઈંટમેંટ પણ લઈ લીધી. પેલો મિત્ર તો ટ્રેનના સમયે અલ્હાબાદ રેલવે સ્ટેશને આવી ગયો. કમભાગ્યે ટ્રેન અલ્હાબાદના આગળના સ્ટેશને આવીને પૂરા પોણા બે કલાક ઊભી રહી. અમને આશા હતી કે નિયત સમય કરતાંયે વહેલાં પહોંચાશે તેના બદલે એક કલાક મોડા પહોંચ્યાં.રાજુભાઈ અને બોર્ડરભાઈ પેલા ડોક્ટર સાથે સીધા દવાખાને ગયા. અમે બસમાં બેસી ઉતારે આવ્યા. થોડીવારમાં રાજુભાઈ આવી ગયા. સદ્ભાગ્યે કોઈ ફેક્ચર થયું ન હતું.

પણ એક વાત સારી બની. આ કારણથી આખા પ્રવાસ દરમ્યાન એમને બસમાં પહેલી સીટે બેસવા મળ્યું.

(૪) રેલવે મુસાફરીમાં અમારી સાથે એક કાકા ઉત્તરપ્રદેશના જ હતા.એમણે અમને પ્રયાગરાજની ઘણી વિગતો પૂરી પાડી. ત્રિવેણી સંગમમાં સ્નાન કરાવવા લઈ જતા હોડીવાળાઓ કેવી રીતે ઊંચા ભાવે બેસાડે છે તેની ય વાતો કરી. અચાનક એ બોલ્યા, હમણાં તાજ મહેલ આવશે. તાજ મહેલનું નામ સાંભળતાં જ બધા ગાંડાઘેલા થઈ ગયા. મેં ઝટપટ રાજુભાઈને ફોનથી જાણ કરી. જમના આવી . ટ્રેન ઘણણ ઘણણ કરેતી પુલ પર ચાલી . દૂર દૂર તાજ દેખાયો બધા ફટાફટ ફોટા પાડવા માંડ્યા. વચમાં પુલની મોટી મોટી કમાનો આવતી હતી. તાજમહલ અલપઝલપ દર્શન દેતો હતો. (તાજમહલ સાથે દર્શન શબ્દ શોભે ખરો ?) ચિત્તમાં અજબ પ્રકારનો રોમાંચ છવાઈ ગયો હતો. મેં એકવાર તાજ મહેલ પૂરેપૂરો મારી માતાની સાથે જોયો છે. બીજીવાર ગયા ત્યારે શુકવારના દિવસે પ્રવેશ બંધ હતો. એક વસ્ત્રોની દુકાનના ધબા પરથી આજની જેમ આધે આધેથી જોયો હતો. પણ આવી ટ્રેનમાંથી પણ આરસમાં કોતરાયેલા પ્રેમને જોવા મળશે એવી તો કલ્પના જ નહતી. આપણે જેની અપેક્ષા ન રાખી હોય તે અચાનક આપણા હાથોમાં આવી પડે તો કેવો અલભ્ય આનંદ થાય છે ? પરંતુ તાજમહેલ જોવામાં જમનાનો અસબાબ જોવાનો રહી ગયો. હવે આ દુઃખ કોને કહેવું ?

(૪) ગોરખપુરથી નેપાળ બોર્ડર જતાં હતાં ત્યારે પહેલી વાર જાણ્યું

અનુસંધાન પાના નં ૭ પર

...પણ આપણું સાંભળે કોણ?

સંતોષ દેવકર

સૌ પ્રથમ તો ક્યાં જવું છે, એટલું નક્કી કરો,
બસ પછી નક્કી કર્યું છે, એટલું નક્કી કરો.
છે તરાપો, છે હલેસા, ને ભરોસો છે, છતાં,
જળમાં પાણી કેટલું છે, એટલું નક્કી કરો.
- ગૌરાંગ ઠાકર

મને એ સમજાતુ નથી કે લગભગ દર સપ્તાહે એકાદ મિશન, ઉત્સવ,પર્વ, મેળો, વગેરે શોધી કાઢીને શિક્ષકોને શિકાર કેમ બનાવે છે?

શિક્ષકો જ જવાબદાર છે એવું કેમ ઠોકી બેસાડવામાં આવે છે? ફંફોસતા-ફંફોસતા જવાબ મળે છે: 'શિક્ષક ઘડવૈયો છે.' તેણે વિદ્યાથીનું ઘડતર કરવાનું છે. પણ આજની સ્થિતિએ 'ભણતર' બાકી છે તેવા તારણો નિકળ્યા છે.જો ભણતર જ બાકી હોય તો ઘડતરની વાત કરવી કેટલે અંશે વાજબી કહેવાય?

મિશન વિદ્યા માટે શિક્ષકોએ એક કલાક વહેલા આવવાનું છે.કામ કરવામાં પ્રાથમિક શિક્ષક ક્યારેય પાછો પડ્યો નથી. સરકારની મૂંઝવણ છે કે બાળકો નબળા રહ્યા કેવી રીતે? જો A અને A+ મા શાળાએ પ્રગતિ કરી હોય તો આ ફુલેકુ પાછુ ફર્યુ કેવી રીતે?

૦૨ ટકા પહાપહાપમાત્ર ૦૨ ટકા આળસુ અને નિરુત્સાહી શિક્ષકોને કારણે બાકીના ૯૮ ટકા શિક્ષકોને સહન કરવાનુ આવે છે.સમજો કે ધોરણ ૧ થી ૫ મા બે શિક્ષકો હોય અને બે માંથી એક શિક્ષક આળસુ અને નિરુત્સાહી હોય તો તે શાળાના બાળકો એવરેજથી નીચે જ રહેવાના.! તમને એક મજાની વાત કરું. વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા કેટલાક પ્રયોગશીલ શિક્ષકોના પરિચયમાં છુ. મેઘરજ, ભિલોડા, વલસાડ, વઘઈ, જેવા આદિવાસી વિસ્તારના ઉંડાણના ગામોમાં સુંદર કામ થાય છે.તેનો હું સાક્ષી છુ.તે પૈકીના કેટલાક શિક્ષકો એ એક પેકેજ તૈયાર કર્યુ છે-''એજ્યુકેશનલ પેકેજ.'' તે પૈકીની એક સ્કીમ એટલે માત્ર ૩૫ દિવસમાં લખતા-વાંચતા કરી દે તેવી ટેકનીક વિકસાવી છે.(T&C) ૬૧ મા દિવસે તમે તે વિધ્યાર્થીનો ટેસ્ટ લઈ શકો છો.ત્યારબાદ સરપ્રાઈઝ ટેસ્ટ પણ લઈ શકાય! આને કહેવાય ચેલેન્જ.

અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

જે શિક્ષક પડકાર ઝીલી શકે તે જ પડકાર ઝીલવાનુ શીખવાડી શકે... 'પડકાર ફેંકવાનું સાહસ અને પડકાર ઝીલવાની હિંમત' જો શિક્ષક દાખવી શકે તો જ અને તો જ..ગર્વ થી કહી શકે. 'શિક્ષક કભી સાધારણ નહિ હોતા' ! આળસુ અને નિરુત્સાહી શિક્ષકોને શોધી કાઢવાએ સરકાર માટે અઘરું છે, પણ મુશ્કેલ નથી.

સરકારે ઉદાર થઈને આટલું કરવું જ જોઈએ :

● શિક્ષકોને વર્ગખંડમા ભણાવવાનો સમય આપવો જોઈએ. ● સરકારનો કોઈપણ સરકારી કાર્યક્રમ શાળામા ન રાખવો.(આ પ્રયોગ કરવા જેવો છે.) ●શિક્ષકને સોંપાયેલ વર્ગના બાળકોની વર્ષાન્તે અધિકારી દ્વારા નિષ્પક્ષ પરીક્ષા લઈ શકાય. ● શિક્ષણ સિવાયના કામમાં રોકાયેલા શિક્ષકોને તાત્કાલિક અસરથી વર્ગખંડમાં મોકલી આપવા. ● વારંવાર એકની એક માહિતી માગવાની બંધ કરવી. ● વર્ગ દીઠ એક શિક્ષકનો રેશીયો સ્વીકારવો.(માત્ર વિચારણા નહિ, અમલવારી જરુરી) ● શિક્ષકોની ઘટ અંગે તાત્કાલિક અસરથી ભરતી પ્રક્રિયા કરવી.

મિસરી

સંબંધો બનતા રહે એ બહુ છે,
બધા હસતા રહે એ બહુ છે.
દરેક જણ દરેક સમયે સાથે નથી રહી શક્તા
યાદ એક બીજાને કરતા રહે એ બહુ છે. **(agnat)**

દેશભક્તિ એટલે પ્રત્યેક પળે દેશના નાગરિક તરીકેની ફરજ બજાવવાની આપણી પ્રતિબદ્ધતા

રાષ્ટ્રગીતના ગાન સાથે પ્રતિજ્ઞાનું વાંચન પણ થવું જોઇએ,આમ થવાથી ઘણા દૂષણો રોકાવાની શક્યતા છે

અબીલ-ગુલાલ

મમતા રાવલ

અમેરિકાના ઓહાયો રાજ્ય દ્વારા આપણા દેશના લોકપ્રિય પાર્શ્વગાયિકા શ્રેયા ઘોષાલને વિશેષ સન્માનથી નવાજવામાં આવ્યા. ત્યાં ૨૬ જૂનનો દિવસ 'શ્રેયા ઘોષાલ ડે' તરીકે જાહેર કરવામાં આવ્યો. આવા વિશિષ્ટ અને બહુમૂલ્ય સન્માનના સમયે પ્રતિક્રિયા આપતાં શ્રેયા ઘોષાલે કહ્યું કે ''મને મારા દેશ માટે ગૌરવ છે, અને આજે આ સન્માન દ્વારા મારા દેશનું ગૌરવ વધારવામાં મારું પ્રદાન આપ્યાનો મને આનંદ છે.''

પોતાની કલાના વિશેષ સન્માનની ઘડીએ પણ આવી સુંદર વાત થકી દેશને યાદ કરીને તેમણે બધા દેશવાસીઓને ગૌરવ બક્ષ્યું છે. આવા અનેક કલાકારો, રમતવીરો, વૈજ્ઞાનિકો, સંત-મહાત્મા, વિદ્વાનોએ પોતાના કાર્ય અને વ્યક્તિત્વ થકી દેશનું ગૌરવ વધાર્યું છે. આર્યોની આ ભૂમિ-ભારત દેશની ધરતી પર જન્મ લેવો એ આજે પણ અહોભાગ્યની વાત છે. એવી કંઇ કેટલીયે બાબતો જેવીકે; યુગોપુરાણી સંસ્કૃતિ, સાંસ્કૃતિક વિવિધતા, કુદરતી સૌંદર્ય, આધ્યાત્મિકતા, ધાર્મિકતા, સામાજીક જીવન વગેરે આપણા દેશને અજોડ બનાવે છે.

આપણા ગૌરવવંતા પરમાણુ વૈજ્ઞાનિક અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ દ્વારા દેશ વિશે અજુગતું બોલનાર-વિચારનાર દેશવાસીઓ માટે એક સંદેશ વહેતો મુકાયો હતો. સન ૨૦૦૫માં ઇન્ટરનેટ દ્વારા પ્રસિદ્ધ થયેલ લોકોને શ્રેષ્ઠ નાગરિક બનવાનું આહ્વાન આપતા આ સંદેશાને જબરદસ્ત લોકપ્રિયતા મળી હતી. એમાં તેમણે ઘરના મુખ્ય વ્યક્તિની હેસીયતથી દેશવાસીઓને મીઠો ઠપકો આપ્યો છે.

''શું આપની પાસે દેશ માટે દસ મિનીટ છે...? '' આ શીર્ષક સાથે વહેતા થયેલા સંદેશાથી ભારતવાસીઓમાં શરમની અનુભૂતી સાથે ભારત અને ભારતીયતા પ્રત્યે ગૌરવની લાગણીનું મોજું પ્રસર્યું હતું. આજે એ મહાન, દિવ્ય આત્મા આપણી વચ્ચે નથી પરંતુ એમના શબ્દો અને વિચારો આજે પણ એટલા જ યથાર્થ છે, એ સંદેશના અંશ અહીં પ્રસ્તુત છે.

દેશના લોકોની વિચારધારા પર પ્રહાર કરતાં એમણે કહ્યું છે કે, સરકાર કામ નથી કરતી, કાયદા જૂના થઇ ગયા છે, રેલવે વ્યવસ્થા યોગ્ય નથી કે એરલાઇન્સ ખરાબ છે. એવી કંઇ કેટલીય ફરિયાદો કરતાં આપણે બીજા દેશની દરેક બાબતોને બિરદાવીએ છીએ. વિદેશમાં જઇને તમે રસ્તા પર કચરો નહીં ફેંકો, પાનની પિચકારી નહીં મારી શકો, નિયત ઝડપથી વધુ ઝડપે ગાડી નહીં હંકારો, દરિયા કિનારે કે બાગ-બગીચામાં ગંદકી નહીં ફેલાવી શકો, ઓળખાણો અને ભ્રષ્ટ્રાચારની મદદથી પોતાનું અયોગ્ય કામ નહીં કરાવી શકો. તમે વિદેશ જઇને ત્યાંની વ્યવસ્થાનું પાલન કરી શકો છો, તેને આદર આપો છો. તો આપણા દેશની વ્યવસ્થાનું આદર અને પાલન કેમ કરતાં નથી.?''

ખૂબ લંબાણપૂર્વક, ચિંતા સાથે લખાયેલા આ સંદેશામાં કલામ સાહેબ પૂછે છે કે, ''આ વ્યવસ્થા કોની છે ? કોના માટે છે ? કોણ બદલશે ?'' દરેક સુધારણાની 'સ્વ'થી શરૂઆત કરવાનું જણાવતાં કહે છે કે, ''દેશ છોડીને ભાગી જવું એ યોગ્ય વિકલ્પ નથી. બીજા દેશમાં વસવાટ પછી પણ તકલીફના સમયમાં ભારત દેશની સરકારની મદદની અપેક્ષા આપણે રાખીએ છીએ.'' આવી અનેક વાતો થકી ડૉકટર કલામે નાગરિકોને દેશની વ્યવસ્થામાં સકારાત્મક યોગદાન આપવાનું ઇંજન આપ્યું છે.

આ સંદેશને હૃદયપૂર્વક વાંચનાર અને સમજનાર વ્યક્તિ સાચા અર્થમાં દેશભક્તિનો મર્મ સમજી શકે. દેશભક્તિ એટલે ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ થતું ધ્વજવંદન અને દેશભક્તિની વાતો જ માત્ર નહીં. સરકાર ગમે તે રાજકીય પક્ષની હોય પ્રત્યેક પળે આપણે ભારત દેશના નાગરિક તરીકેની ફરજ બજાવવાની છે. વિદેશની સ્વચ્છતાથી પ્રભાવિત થતાં આપણે, આ